**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા**

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રારંભ

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૪ જુલાઈ, ૨૦૧૦)

**(વિભાગ - ૧ ઘનશ્યામ ચરિત્ર, ત્રેવીસમી આવૃત્તિ - ડિસેમ્બર, ૨૦૦૮)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ હનુમાનજી - ભક્તિમાતાને (૨/૪)
➪ કૃત્યાઓ પાસેથી બાળપ્રભુને લાવીને ભક્તિમાતાને પાછા આપ્યા ત્યારે પગે લાગીને હનુમાનજી ભક્તિમાતાને કહે છે.

૨. ➪ ઘનશ્યામ - વેણીને (૧૮/૨૯)
➪ ઘનશ્યામ પીપળાના ઝાડ ઉપર ચડીને પશ્ચિમ દિશા તરફ જોયા કરતાં હતા. તેથી એક દિવસ જ્યારે ઝાડ પરથી નીચે ઊતર્યા ત્યારે વેણી તેમને પૂછે છે ત્યારે ઘનશ્યામ જવાબ આપે છે.

૩. ➪ ઘનશ્યામ - ચોરોને (૩૯/૭૧)
➪ ચોરની આજીજી સાંભળીને ઘનશ્યામે તેમના પર દૃષ્ટિ કરી. ફણસને ચોંટેલા તેમના હાથ છૂટી ગયા. ચોરોએ નીચે ઊતરી ધર્મપિતા, રામપ્રતાપ અને ઘનશ્યામને પગે લાગી ફરીથી માફી માંગી ત્યારે ઘનશ્યામ કહે છે.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. માર્કંડેય મુનિએ ઘનશ્યામનું નામ પાડ્યું ત્યારે ઘનશ્યામની ઉંમર ત્રણ માસની હતી. (૪/૬)
૨. ખાંપા તલાવડીએ ઘનશ્યામને પાટો દેવોના વૈદ્ય અશ્વિનીકુમારે બાંધ્યો. (૨૩/૩૯)
૩. ઘનશ્યામનાં બે માસીના નામ વસંતાબાઈ અને ચંદનબાઈ હતાં. (૩૫/૬૨)
૪. ઘનશ્યામ સવારે નવ વાગે અયોધ્યાના દરેક મંદિરે દર્શન કરવા જતા. (૪૨/૭૫)

**પ્ર.૩ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **મહાવતની રક્ષા કરી :** **તેમને મહાવતની** દયા આવી. તરત જ બીજે સ્વરૂપે **ઘનશ્યામ** પાણીમાં ઊતરી **હાથી** પાસે પહોંચી ગયા. **મહાવતને** છોડાવી **હાથીને** શાંત કરી દીધો. (૨૬/૪૬)

૨. **કાલિદત્ત મરણને શરણ :** તેણે પોતાની **જાદુઈ** વિદ્યાથી ભયંકર **વાવાઝોડું** અને **વરસાદ** શરૂ કર્યાં, ચારેકોર **અંધારું** થઈ ગયું. (૧૧/૧૬)

૩. **ભૂતિયો કૂવો :** **વચનાબાઈએ ભક્તિમાતાને** કહ્યું : તમારે **સૂરજ આથમે** પછી કૂવે પાણી ભરવા ન જવું, કૂવામાં હજારો **ભૂત** રહે છે. (૨૦/૩૦)

૪. **ગૌરી ગાયની શોધમાં :** થોડી વારમાં **જંગલમાંથી** બહાર નીકળી બાજુના **ગામમાં** પહોંચી ગયા. ત્યાં તેમના સગા **ઓઝાને** ત્યાં રાત રહી બીજે દિવસે સૌ **ગૌરી ગાયને** લઈ ઘરે પાછા ગયા. (૩૭/૬૭)

**પ્ર.૪** 'રામચંદ્રરૂપે દર્શન' (૩૩/૫૯) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

૧. બાળમિત્રો સાથે મીન સરોવરે નાહવા ગયેલા ઘનશ્યામ ઊંડા પાણીમાં તળિયે જઈને બેસી ગયા.
૨. મંછા ધોબીએ ખૂબ તપાસ કરી પણ ઘનશ્યામ ન મળતાં તેમના માતા-પિતાને બોલાવી વાત કરવાનું કહ્યું.
૩. માતા-પિતા, રામપ્રતાપ, વશરામ અને ગામ લોકો સરોવરને કાંઠે ચિંતા કરવા લાગ્યા.
૪. ઘનશ્યામને થયું મારે હવે પાણીની ઉપર આવવું જોઈએ.
૫. પાણીની ઉપર અધ્ધર ચાલીને આવતાં ઘનશ્યામમાં સૌને રામચંદ્ર ભગવાનનાં દર્શન થયાં.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૩૦ **૧.** ૨, ૪ (૬/૮, ૧૦) **૨.** ૧, ૪ (૭/૧૦, ૧૧) **૩.** ૨, ૩ (૧૩/૨૧) **૪.** ૨, ૩ (૫/૮)

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. સિદ્ધિઓ ભક્તિમાતા માટે થાળ લાવી. (૮/૧૨)

જ. લક્ષ્મીબાઈને રસોઈ બનાવતાં બહુ વાર લાગી. તેથી ભક્તિમાતાને ખૂબ ભૂખ લાગી. બાળપ્રભુને ખબર કે માતાને ભૂખ લાગી છે. તરત જ તેમણે મનમાં ને મનમાં આઠ સિદ્ધિઓને ભોજન લાવવાની આજ્ઞા કરી. માટે સિદ્ધિઓ ભક્તિમાતા માટે થાળ લાવી.

૨. રામદત્તનાં દોરી-લોટો લઈ ઘનશ્યામ ઝાડ ઉપર ઊંચે પહોંચી ગયા. (૧૭/૨૬)

જ. ઘનશ્યામ અને બાળમિત્રોએ ભેગી કરેલી કેરીઓ રામદત્ત અને બ્રાહ્મણો ઉપાડવા માંડ્યા. વેણીએ ના પાડી. ત્યારે રામદત્ત ગુસ્સે થઈ બાળકોને ડરાવવા લાગ્યો. રામદત્તનો આવો અન્યાય જોઈ ઘનશ્યામ રામદત્તના દોરીલોટો લઈ ઝાડ પર ચડી ગયા.

૩. મોહનદાસ બાવો સમાધિમાં યમપુરીમાં ગયો. (૩૧/૫૬)

જ. મોહનદાસ બાવો કથા પ્રસંગમાં એકાદશીના મહિમાને બદલે લોકોને ખોટા ઉપદેશ આપતો હતો. તેથી તેને ઘનશ્યામે શિખામણ આપવા માંડી તો મોહનદાસે ઘનશ્યામ પર ગુસ્સો કર્યો. તેથી ઘનશ્યામે તેને સમાધિમાં યમપુરીમાં મોકલ્યો.

**(વિભાગ - ૨ યોગીજી મહારાજ, સોળમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૮)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ ઝીણાભાઈ - બાળમિત્રોને (૨/૩)

➪ ધ્યાનમગ્ન ઝીણાભાઈ જ્યારે ધ્યાનમાંથી જાગે ત્યારે બાળમિત્રો પૂછે : 'આ શું કરો છો ? ત્યારે.'

૨. ➪ યોગીજી મહારાજ - હરગોવિંદદાસ મહેતાને (૧૪/૨૧)

➪ વિજ્ઞાનદાસ સ્વામીએ યોગીજી મહારાજને જમતા ઉઠાડી મૂક્યા ત્યારે હરગોવિંદદાસે યોગીજી મહારાજને પૂછ્યું : યોગી ! આટલું બધું સહન કેમ કરો છો ? તમને ઘરે નાસી જવાનું મન નથી થતું ? ત્યારે કહે છે.

૩. ➪ યોગીજી મહારાજ - દાજીબાપુને (૨૨/૩૩)

➪ રસોઈ કરતાં યોગીજી મહારાજને દાજીબાપુએ પૂછ્યું : રસોઈ બનાવવા કેમ બેસી ગયા છો ? ત્યારે.

**પ્ર.૮ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)** **નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. હે ! મહારાજ માફ કરજો. અપરાધ થઈ ગયો. **અથવા** આપને સમયસર પાણી આજે નથી પાયું. અમારી ભૂલ માફ કરજો. (૨૦/૩૦)

૨. સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ, આત્મા અને પરમાત્મા, બ્રહ્મ અને પરબ્રહ્મ. (૩૧/૪૭)

૩. વેદરસ, ભગતજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજના જીવનચરિત્ર, યજ્ઞપુરુષ સ્મૃતિ, હરિલીલાકલ્પતરુ વગેરે ગ્રંથો છપાવ્યા. (૨૮/૪૧)

૪. યોગીજી મહારાજના મતે જ્ઞાન શીખે અને સેવા કરે તે વધતા જાય છે. (૩૨/૪૮)

**પ્ર.૯ નીચે આપેલ વિષય તથા સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : કૃષ્ણજી અદાના આશીર્વાદ (૧૩/૧૯)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | ૧ | ૩ | ૪ | ૫ | ૮ | ૧૦ |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | ૪ | ૧૦ | ૫ | ૧ | ૩ | ૮ |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરોઃ જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમઃ ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.**

**પ્ર.૧૦ 'સર્પદંશ' (૨૧/૩૦) - પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

ગોંડલમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની દેરી ઉપર શાસ્ત્રીજી મહારાજે મંદિર બાંધવાની શરૂઆત કરી. ત્યારે યોગીજી મહારાજ અક્ષરદેરીની સેવા કરતા. અક્ષરદેરીમાં ચરણારવિંદની પૂજા કરે, આરતી કરે, થાળ ધરાવે, મહાપૂજા કરે. મંદિરનું કામ ચાલતું હતું. તે સમયે યોગીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ ને બીજા સંતો ઝૂંપડા જેવા ગારમાટીના ઘરમાં રહેતા. એક વખત મધરાતે સૂતેલા યોગીજી મહારાજને ડાબા હાથની પહેલી આંગળીએ કાળો નાગ કરડ્યો. આંગળીમાંથી લોહીની ધારા નીકળવા લાગી. નાગ બહુ ઝેરી હોવાથી આખા શરીરમાં સખત પીડા થવા લાગી. 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' બોલતાં તેમની આંખો બંધ થઈ ગઈ. કોઈક વૈદ્યને તો કોઈક ડૉક્ટરને બોલાવવાનું કહેવા લાગ્યા. પણ શાસ્ત્રીજી મહારાજે કહ્યું : યોગીજી

મહારાજને અક્ષર દેરીમાં સુવડાવીને 'સ્વામિનારાયણ' નામની ધૂન કરો. સ્વામિનારાયણ નામથી કાળા નાગનું ઝેર પણ ઊતરી જશે. બરાબર બાર કલાકે ઝેર ઊતરી ગયું. યોગીજી મહારાજે આંખો ઉઘાડી શાસ્ત્રીજી મહારાજને વંદન કર્યા. તે વખતે સરકારી ડૉકટર તો આ દૃશ્ય જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા અને શાસ્ત્રીજી મહારાજના પગમાં પડી ગયા. અક્ષર દેરીને પ્રતાપ જોઈને ગોંડળના મહારાજા અને સૌ અમલદારો નવાઈ પામી ગયા.

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ભાવનગરના હરિભક્તોને ખાતરી થઈ કે યોગીજી મહારાજને શ્રીજી-સ્વામી વશ છે. (૧૯/૨૯)

જ. ભાવનગરમાં ઠાકોરજીને થાળ ધરાવવા મૂકીને યોગીજી મહારાજ ભાવપૂર્વક થાળ બોલ્યા અર્ધા કલાક બાદ જોયું તો થાળમાંથી પાંચ લાડુ, શાક, ભજિયાં, દાળભાત વગેરે ઓછા થયાં હતાં. પાણીનો અર્ધો લોટો ખાલી થયો હોવાથી સૌ હરિભક્તોને ખાતરી થઈ ગઈ કે યોગીજી મહારાજને શ્રીજી સ્વામી વશ છે.

૨. કરસનસંગ બાપુએ યોગીજી મહારાજને યુવાન સાધુને સાથે લાવવા કહ્યું. (૧૭/૨૫)

જ. એકવખત ઉનાળાના આકરા તાપમાં યોગીજી મહારાજને ઉઘાડે પગે ઝોળી માગતા જોયા. કરસનસંગ બાપુને દયા આવી. વૃદ્ધ સાધુને આંગળીએ લઈને ઝોળી માગવા ફરતાં કેટલી મુસીબત પડે ? માટે કરસનસંગ બાપુઅ યોગીજી મહારાજને યુવાન સાધુને સાથે લાવવા કહ્યું.

૩. ઝીણાને જોઈને ખેતરનો માલિક રોજ કહેતો, આ ઝીણો બહુ ચમત્કારિક બાળક છે. (૧/૨)

જ. ઝીણો શ્રીકૃષ્ણ ભગવાનની જેમ કાયમ જમણા પગનો અંગૂઠો ચૂસ્યા કરતો. તેથી ખેતરનો માલિક ઝીણાને ચમત્કારિક બાળક કહેતો. પૂરીબાઈને કહેતો 'તમારો ઝીણો મોટો થશે ત્યારે સૌ કોઈ તેને પગે પડશે. બધા એની પૂજા કરશે. એને વંદન કરશે.

**(વિભાગ - ૩ કિશોર સત્સંગ પ્રારંભ, સોળમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૮)**

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહિ.**

૧. સંવત ૧૮૬૬માં પોષ સુદ પૂનમ ને દિવસે ગુણાતીતાનંદ સ્વામીએ ડભાણમાં દીક્ષા લીધી. (૧૫/૨૯)

૨. સત્સંગી બાળકે સવારે પૂજા કર્યા પછી મા-બાપને પગે લાગવું જોઈએ. (૧૮/૩૯)

૩. પૂંજા ડોડિયા પાણવી ગામના હતા. (૧૯/૪૧)

૪. મહારાજ ! આ ઢોલિયા ઉપર ગાદી-તકિયે બિરાજો. (૭/૧૨)

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૩ (૬/૧૦, ૧૧) **૨.** ૨, ૪ (૧૧/૨૦) **૩.** ૧, ૨ (૨૦/૪૪, ૪૫) **૪.** ૩, ૪ (૪/૭)

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

**૧.** પીપલાણા (૪/૬) **૨.** જામનગર (૬/૧૦) **૩.** વડતાલ (૪/૭) **૪.** સોઢી (૧૪/૨૫)

**પ્ર.૧૫ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. પ્રગટ હરિ ગુરુ દર્શન આપો, પ્રભુ તવ નામના જપીએ જાપો,
તવ મૂર્તિ નિત્ય હૃદયે ધારી... શ્રી હરિ. (૩/૪)

૨. કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી,
કાઢ્યો રસ કેરીનો ઘોળી... જમો થાળ૦
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપૂઆ કઢી,
પૂરી પોચી થઈ છે ઘીમાં ચઢી.... જમો થાળ૦ (૧૨/૨૨-૨૩)

૩. અમે સૌ સ્વામીના બાળક, મરીશું સ્વામીને માટે,
અમે સૌ શ્રીજીતણા યુવક, લડીશું શ્રીજીને માટે.
નથી ડરતા નથી કરતાં અમારા જાનની પરવા,
અમારે ડર નથી કોઈનો, અમે જન્મ્યા છીએ મરવા. (શોર્યગીત)

૪. પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે, પ્રભુ (૨), કાળ કરમથી છૂટી, (૨) કુટુંબ સહિત તરશે. જય ૦
આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી, પ્રભુ (૨), મુક્તાનંદ કહે મુક્તિ, (૨) સુગમ કરી સીધી. (૯/૧૭)

**પ્ર.૧૬** 'સ્વામિનારાયણ નામના મંત્ર ......' (૧૬/૩૧) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- સ્વામીની વાત પૂરી લખી હોય તો - ૧ ગુણ, નિરુપણના - ૪ ગુણ.**

**''સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી ને એ મંત્રે કાળા નાગનું પણ ઝેર ન ચડે એ મંત્રે વિષય ઊડી જાય છે ને બ્રહ્મરૂપ થવાય છે ને કાળ, કર્મ અને માયાનું બંધન છૂટી જાય છે, એવો બહુ બળિયો એ મંત્ર છે. માટે નિરંતર ભજન કરવું''**

ભગવાનના નામના મંત્રમાં બહુ બળ છે. કાળા નાગનું ઝેર ચડે ને કાંઈ દવા ન કરે તો પણ ભગવાનના આ મંત્રથી ઝેર ઊતરી જાય. આ વાત આપણા ગુરુ યોગીજી મહારાજે સાબિત કરી બતાવી છે. ગોંડળમાં મંદિરનું કામ ચાલતું હતું. એક રાત્રે યોગીજી મહારાજને એક મોટો કાળો સર્પ તેમની આંગળીએ કરડ્યો. તેમને તો ખબર ન હતી. મંદિરમાં રહેતા ભક્તિવલ્લભ સ્વામીએ સાપ નીકળતો જોયો. તેમણે કહ્યું કે સ્વામીને તો આ ઝેરી સાપ જ કરડ્યો છે. તેમણે શાસ્ત્રીજી મહારાજને વાત કરી. સ્વામીએ કહ્યું કે 'દેરીમાં સૌ ધૂન કરો.' તેથી સૌએ ધૂન શરૂ કરી. ગોંડળના મહારાજાને આ વાતની ખબર પડી. ત્યારે તેમણે પોતાના ડૉક્ટરને સ્વામીની દવા કરવા મોકલ્યા, પણ સ્વામીએ કહ્યું કે અમારે દવા નથી કરાવવી. સ્વામિનારાયણ નામના ધૂનથી જ ઝેર ઊતરી જશે. પછી બાર કલાકે ઝેર ઊતરી ગયું. પણ ઝેર બહુ આકરું હતું. તે ડાબા હાથની પહેલી આંગળીનું હાડકું વળી ગયું. સ્વામીની પહેલી આંગળી સહેજ વાંકી વળી ગઈ હતી. માટે આપણે પણ સ્વામિનારાયણ મંત્ર ખૂબ જપીશું.

**પ્ર.૧૭** 'મહારાજે જોધાને ખવરાવેલો દૂધપાક (૧૩/૨૩) **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો.**

**(સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

૧. ચૂલા પર દૂધ ઉકળતું જોઈને જોધાએ મહારાજને ફરિયાદ કરી 'આ જીવુબા, લાડુબા દૂધને બાળી દે છે તે દૂધ બળાતું હશે ?

૨. મહારાજે જોધાને કહ્યું તું સીમમાં ઢોર ચારવા જા અને બપોરે અહીં આવજે, આજે તારે અહીં જમવાનું છે.

૩. મહારાજની આજ્ઞાથી બપોરે જમવા આવેલા જોધાએ સંતોને ધ્યાન કરતાં જોઈ કહ્યું 'દૂધ બાળી નાખ્યું તેથી માથે ઓઢીને રોવું જ પડે ને ?

૪. મહારાજ પોતે દૂધપાક પીરસવા પધાર્યા ત્યારે જોધાએ કહ્યું : મહારાજ ! મને એવું બળેલું દૂધ ન આપશો.

૫. મહારાજે કહ્યું : તું ખા તો ખરો ! અને મહારાજે પરાણે દૂધપાક ખવરાવ્યો ત્યારે જોધાને ખબર પડી કે દૂધનો દૂધપાક આવો સારો થાય.

❑ ❑ ❑